ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ ને ત્રીજા અને ચોથા હપ્તા પેટે રૂ.૧૧૩.૮૫ લાખની વહીવટી ગ્રાન્ટ ફાળવવા બાબત. વર્ષ ૨૦૨૨-૨૩

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંકઃ SJED/MIS/e-file/17/2022/1613/A-1 Section-PF1

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ

## વંચાણે લીધાઃ-

(૧) આ વિભાગનો તા.૦૭/૦૪/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: SJED/CNI/e-file/17/2021/0001/B

(૨) આ વિભાગનો તા.૦૪/૦૬/૨૦૨૨નો સરખા ક્રમાંકનો ઠરાવ ક્રમાંક

(૩) આ વિભાગનો તા.૧૯/૦૯/૨૦૨૨નો સરખા ક્રમાંકનો ઠરાવ ક્રમાંક

(૪) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૭/૦૨/૨૦૨૩નો પત્ર ક્રમાંકઃ વિજાક/બો.નિ./૨૦૨૨-૨૩/૯૯

## આમુખઃ-

ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ માટે નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં વહીવટી ગ્રાન્ટ પેટે રૂ.૨૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. જેને આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ માટે વહીવટી ગ્રાન્ટ પેટે મંજૂર થયેલ રૂ.૨૦૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટમાંથી વંચાણે લીધા ક્રમાંક (૨) પરના ઠરાવથી પ્રથમ હપ્તા પેટે રૂ.૫૦.૦૦ લાખની ગ્રાન્ટ અને વંચાણે લીધા ક્રમાંક (૩) પરના ઠરાવથી બીજા હપ્તા પેટે રૂ.૩૬.૧૫ લાખની ગ્રાન્ટ એમ કુલ રૂ.૮૬.૧૫ લાખની ગ્રાન્ટ નિગમના હવાલે મૂકવા માટે મંજૂરી આપેલ છે. હવે નિગમની કુલ વહીવટી ગ્રાન્ટ રૂ.૨૦૦.૦૦ લાખ પૈકી બાકી રહેતી રૂ.૧૧૩.૮૫ લાખની વહીવટી ગ્રાન્ટ ત્રીજા અને ચોથા હપ્તા પેટે નિગમના હવાલે મૂકવા માટે વંચાણે લીધા ક્રમાંક (૪) પરના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ હતી, જેને મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

## ઠરાવઃ-

પુખ્ત વિચારણાના અંતે વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ માટે વહીવટી ગ્રાન્ટ પેટે મંજૂર થયેલ રૂ.૨૦૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટમાંથી બાકી રહેતી રૂ.૧૧૩.૮૫ લાખની (અંકે રૂપિયા એક કરોડ તેર લાખ પંચાશી હજાર પુરા) વહીવટી ગ્રાન્ટ ત્રીજા અને ચોથા હપ્તા પેટે ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના હવાલે મુકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

## શરતોઃ-

(૧) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને હવાલે મૂકવાની રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધીન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૩) સને ૨૦૨૨-૨૩ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૪) જે હેતુ માટે જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૫) નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૬) હવે પછી મળવાપાત્ર ગ્રાન્ટ માંગતા પહેલાં આ ઠરાવથી છુટી કરાયેલ ગ્રાન્ટના હિસાબો સાથે દરખાસ્ત કરવાની રહેશે.

(૭) આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨ મુખ્ય સદર: ૨૨૨૫ અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૮૦ સામાન્ય, ગૌણ સદર: ૧૯૦ જાહેર ક્ષેત્રની સહાયક અને અન્ય નીચે મુજબ, પેટા સદર: ૦૧ ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ હેઠળ ઉધારવો અને તે હેઠળ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે અને વર્ષના અંતે રહેતી બચત સુપ્રત કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે ,**

Signature Not Verified
Signed by:Kalpna V Rana
Under Secretary
Date: 2023.02.22
13:44:22 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

**(કલ્પના રાણા)**

**ઉપ સચિવ**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**પ્રતિ,**

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

**<u>નકલ રવાના:-</u>**

(૧) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, બ્લોક નં.૨/૭મો માળ, કર્મયોગી ભવન, ગાંધીનગર

(૨) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ

(૩) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

(૪) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર

(૫) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર

(૬) સેકશન અધિકારીશ્રી(બજેટ શાખા/ કોમ્પ્યુટર-સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૭) સિલેકટ ફાઇલ

_

Signature Not Verified
Signed by:Kalpna V Rana
Under Secretary
Date: 2023.02.22
13:44:22 +05:30



*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*